ગુજરાત યુનિવર્સિટીનું માસિક મુખપત્ર

# વિદ્યાવૃત્ત

વર્ષ : ૧, અંક : ૨, માર્ચ : ૨૦૦૬, મુખ્ય સંપાદક : ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ

સંપાદક મંડળ : ડૉ. વસંત ભટ્ટ, ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટ, ડૉ. અર્ચના ધોળકિયા, ડૉ. કીર્તિદા શાહ, પ્રા. સોનલ પંડ્યા

મુદ્રક અને પ્રકાશક : *ડૉ. અરવિંદ ભાંડારી કુલસચિવ* ● *સંયોજક : શ્રી કે. ડી. વોરા, પ્રકાશન અધિકારી*

The uncontrolled mind does not guess that the Atman is present; How can it meditate ? Without meditation, where is peace ? Without peace, where is happiness ?

(Bhagwad Gita-II-65)

## કાર્યકારી કુલપતિશ્રીની કલમે...

ગુજરાત યુનિવર્સિટીના કા. કુલપતિનો કાર્યભાર સંભાળતાની સાથે જ યુનિવર્સિટીના ૫૪મા પદવીદાન સમારોહનું આયોજન કરવાનો અવસર મને સાંપડ્યો છે. છેલ્લાં ૩ વર્ષથી યુનિવર્સિટીમાં પદવીદાન સમારંભ યોજાઈ શક્યો ન હતો જે મારા કાર્યકાળ દરમ્યાન યોજાતા ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું. ૫૪મો પદવીદાન સમારોહ મહામહિમ રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી નવલકિશોર શર્માજીની અધ્યક્ષતા હેઠળ યોજાશે. મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી હાજરી આપશે. પદવીદાન સમારોહમાં કુલ ૩૮૫૯૫ વિદ્યાર્થીઓ ડિગ્રીઓ મેળવશે, ૨૨૮ વિદ્યાર્થીઓ મેડલ અને ૬૦ વિદ્યાર્થીઓ સ્કોલરશીપ મેળવશે.

માર્ચ/એપ્રિલની પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. અમદાવાદના ૩૨ સેન્ટરો અને બહારગામના ૫૦ સેન્ટરો મળી કુલ ૮૨ સેન્ટરો ઉપરથી આશરે ૨,૨૫,૦૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાઓની વ્યવસ્થાના ભાગરૂપે વિદ્યાર્થીઓ અને કૉલેજોને જરૂરી માહિતી મળી રહે તે હેતુથી સૌપ્રથમવાર કન્ટ્રોલ રૂમ પણ ઊભો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પરીક્ષાના માહોલમાં તણાવમુક્ત બની પરીક્ષા આપે તે હેતુથી યુનિવર્સિટીએ મનોવિજ્ઞાન ભવનમાં વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવા માટેનાં સોનેરી સૂચનો/સલાહો આપવા ખાસ સેલની વ્યવસ્થા ઊભી કરી છે. આગામી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ કઠોર પરિશ્રમ કરી અનેક સફળતાઓ પ્રાપ્ત કરશે તેવી મને આશા છે.

તદ્ઉપરાંત માર્ચ મહિનાની આખરમાં સેનેટની સભા પણ ત્રણ વર્ષ બાદ યોજાશે. આ પ્રસંગે દરેકને આગળ આવીને ખભેખભા મિલાવીને જરૂરી સાથ સહકાર આપવા મારી હાર્દિક અપીલ છે.

(૧૦-૩-'૦૬) **- ડૉ. પરિમલ ત્રિવેદી**

❑

## સંપાદકીય...

૧૪મી ફેબ્રુઆરીએ પ્રો. એ. યુ. પટેલની કુલપતિ તરીકેની ટર્મ પૂરી થતાં ઉપકુલપતિ ડૉ. પરિમલભાઈ ત્રિવેદીએ ૧૫મી ફેબ્રુઆરીથી કા. કુલપતિ તરીકેનો કાર્યભાર સંભાળી લીધો છે. યુ.જી.સી.માં પણ પ્રો. અરુણ નિગવેકર ચેરમેન તરીકે નિવૃત્ત થયા પછી ફેબ્રુઆરીમાં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. સુખદેવ થોરાટે યુ.જી.સી.ના ચેરમેન તરીકેનો ચાર્જ સંભાળી લીધો છે. ગુજરાત યુનિવર્સિટી અને યુ.જી.સી. નૂતન નેતૃત્વમાં નવી ઊંચાઈઓ સર કરે એવી શુભકામના.

ત્રણેક વર્ષના ગાળા પછી ગુજરાત યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ ઓપન એર થિયેટરમાં યોજાઈ રહ્યો છે. આપણી યુનિવર્સિટીની પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને એ પદવી યોગ્ય પદપ્રતિષ્ઠા પ્રાપ્ત કરવામાં ઉપકારક પુરવાર થાય અને પદવીધારીઓ સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષમાં પોતાનું યોગદાન આપવા સમર્થ થાય એવી અપેક્ષા રાખીએ.

'વિદ્યાવૃત્ત' માટે હવે ઘણી સંસ્થાઓ, અધ્યાપકો માહિતી મોકલે છે એ આવકાર્ય છે પણ તે સંક્ષિપ્ત, શુદ્ધ ભાષામાં અને ટાઇપ કરેલ હોય એ ઇચ્છનીય છે. સમાચાર-માહિતી prasad@ascgujarat.org પર E-mailથી પણ મોકલી શકાશે. ગુજરાત યુનિવર્સિટીનું બધું કામકાજ હવે ઝડપથી કમ્પ્યૂટરાઇઝ્ડ થઈ રહ્યું છે. બધી કૉલેજો પણ એ દિશામાં આગળ વધે એ સમયની માંગ છે. આપણે જો સમયની સાથે નહીં ચાલી શકીએ તો સમય આપણને બાજુ પર મૂકી આગળ વધી જશે. એવું ન થાય એ માટે સભાન-સક્રિય થવાની તાતી જરૂર છે.

યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ ગઈ છે. વિદ્યાર્થીઓ પૂરી મહેનત કરી પ્રમાણિકપણે પરીક્ષા આપે અને વેકેશનનો ઉપયોગ પોતાના વ્યક્તિત્વના વિકાસ અર્થે પૂરક પ્રવૃત્તિઓમાં પોતાની સક્રિય હિસ્સેદારીમાં કરે તો જીવનમાં આવનારા પડકારોનો મુકાબલો સહજપણે કરી સફળતા-સાર્થકતા સંપ્રાપ્ત કરી શકશે. અલબત્ત વિદ્યાર્થીઓએ યાદ રાખવું જોઈએ કે –

***સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,***
***ચણાયેલી ઇમારત એના નકશામાં નથી હોતી.***

(૪-૩-૨૦૦૬) **- પ્રસાદ બ્રહ્મભટ્ટ**

❑

## વાઇસ ચાન્સેલરનો વિદાયસમારંભ



કુલપતિશ્રીના વિદાય સમારંભમાં વક્તવ્ય આપતા ગુટાના પ્રમુખ ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ. મંચ પર ડાબેથી પ્રો. એ. યુ. પટેલ, ડૉ. પરિમલ ત્રિવેદી અને ડૉ. અરવિંદ ભાંડારી

ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી એ. યુ. પટેલની નિમણૂકનો સમયગાળો પૂર્ણ થતો હોઈ, નિવૃત્તિ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હૉલમાં તા. ૧૪-૨-૨૦૦૬ના રોજ ગુજરાત યુનિવર્સિટીના પ્રો. વાઇસ ચાન્સલર ડૉ. પરિમલ ત્રિવેદીના અધ્યક્ષપદે વિદાયસમારંભ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. સમારંભનો મંગળ પ્રારંભ પ્રા. ધર્મેન્દ્ર જૈન તથા શ્રી રોશન નાયક દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટી ભવનોના ડાયરેક્ટરોએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સેનેટ મેમ્બર પ્રિ. ટી. જે. પુરાણી, પ્રિ. સૌરભ ચોકસી વગેરેએ પ્રો. એ. યુ. પટેલની વહીવટી સૂઝ, કાર્યક્ષમતા, દીર્ઘ દૃષ્ટિ અને પ્રમાણિકતાને બિરદાવી હતી. ગુજરાત યુનિવર્સિટીના નવા વરાયેલા રજિસ્ટ્રાર શ્રી ડૉ. અરવિંદ ભાંડારી તથા ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે ડૉ. એ. યુ. પટેલના સબળ નેતૃત્વની પ્રશંસા કરી હતી, તથા તેમની સજ્જતાને પ્રકાશિત કરે તેવા પ્રસંગો યાદ કર્યા હતા. વિવિધ સંવર્ગના કર્મચારીઓ દ્વારા પુષ્પગુચ્છ અને ગુજરાત યુનિવર્સિટી ટીચર્સ એસોસિએશન અને રજિસ્ટ્રાર દ્વારા સ્મૃતિચિહ્ન અર્પણ કરીને વિદાય લેનાર વાઇસ ચાન્સલરનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

નિવૃત્તિ લેનાર પ્રો. એ. યુ. પટેલે અભિવાદનના પ્રતિભાવમાં યુનિવર્સિટીએ કરેલા ખર્ચનો ટૂંકમાં પરિચય કરાવી યુનિવર્સિટીની આર્થિક સ્થિતિ અંગે સૌને વાકેફ કર્યા હતા. પોતાના કાર્યકાળનાં ત્રણ વર્ષ દરમિયાન થયેલાં કામો અંગે સંતોષ વ્યક્ત કરી બાકી રહેલાં કામો યુનિવર્સિટી સુપેરે આગળ ધપાવશે એવી આશા વ્યક્ત કરી હતી. યુનિવર્સિટીને જ્યારે પણ પોતાની સેવાની જરૂર હોય ત્યારે મદદ કરવા તત્પર હોવાનું જણાવ્યું હતું. સમારંભના અધ્યક્ષ શ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદીએ પ્રો. એ. યુ. પટેલની ફરજનિષ્ઠાને બિરદાવી હતી. તેમણે નિવૃત્તિ લેનાર વાઇસ ચાન્સલરને પ્રવૃત્તિમય નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમને અંતે ગુટાના મંત્રી શ્રી ડૉ. કૌશિકભાઈ રાવલે આભારવિધિ કરી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. સરમણ ઝાલાએ કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના અભૂતપૂર્વ અને ઐતિહાસિક પ્રસંગમાં ઉપસ્થિત રહ્યાની લાગણી અનુભવી રહ્યા હોવાના અભિપ્રાય સાથે આઇસક્રીમ માણી સૌ વિખૂટા પડ્યા હતા. ❑

## ઝોનલ ટેબલ ટેનિસ સ્પર્ધાઓ



ગુજરાત યુનિવર્સિટી દ્વારા એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટી, ન્યૂ. દિલ્હીના ઉપક્રમે વેસ્ટ ઝોન ઇન્ટર ઝોન ટેબલ ટેનિસ ભાઈઓ-બહેનોની હરીફાઈઓ તા. ૧૮થી ૨૫ જાન્યુઆરી ૨૦૦૬ દરમ્યાન યુનિવર્સિટી જિમનેશ્યમ ખાતે યોજવામાં આવી હતી. આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓ અને ત્યારબાદ ઑલ ઇન્ડિયા ઇન્ટર ઝોનલ હરીફાઈઓમાં ભારતની બેસ્ટ ૧૬ ભાઈઓ અને ૧૬ બહેનોની એમ કુલ ૩૨ શ્રેષ્ઠ યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો.

આ હરીફાઈઓમાં ૪૪ યુનિવર્સિટીઓમાંથી ૪૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ હરીફાઈનું ઉદ્ઘાટન તા. ૧૮-૧-૦૬ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપકુલપતિશ્રી પ્રો. પરિમલ ત્રિવેદી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા પૂર્ણાહુતિ તા. ૨૫-૧-૦૬ના રોજ મા. કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલના પ્રાસંગિક પ્રવચનથી થઈ હતી. ઑર્ગેનાઇઝિંગ સેક્રેટરી, કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. બી. ડી. વનારે આભારવિધિ કરી આ હરીફાઈને સમાપ્ત જાહેર કરી હતી. આ પ્રસંગે જુદી જુદી ટીમોના કોચ મૅનેજરોએ પણ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યા હતાં. વિજેતા થયેલ ટીમને ટ્રોફી અને મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

A.I.U. ન્યૂ. દિલ્હીના ઉપક્રમે ઉજ્જૈન ખાતે યોજાયેલ પશ્ચિમ વિભાગીય આંતર યુનિવર્સિટી યુવક મહોત્સવમાં વિજેતા થયેલ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ કુરુક્ષેત્ર યુનિ., કુરુક્ષેત્ર ખાતે નૅશનલ કક્ષાએ યોજાયેલ આંતર યુનિ. યુવક મહોત્સવમાં તા. ૧૫-૧-૦૬ થી તા. ૧૯-૧- ૦૬ દરમ્યાન ભાગ લીધો હતો અને નીચેની સ્પર્ધાઓમાં વિજેતા જાહેર થયેલ છે.

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્થાન | વિદ્યાર્થીનું અને કૉલેજનું નામ |
|---|---|---|---|
| ૧. | સમૂહગાન ઇન્ડિયન | ચતુર્થ | સેન્ટ. ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ<br>૧. સીની ઉન્ની<br>૨. હેની હેમિલ્ટન<br>૩. સ્વેતલાના બી. વનાર<br>૪. સૌમ્ય બસુ<br>૫. ઇમ્બ્રાન્ડીરી સુચિતા<br>૬. ગગનદીપ કેલર |
| ૨. | માઇમ | ચતુર્થ | આર્ટસ કૉલેજ, મુનપુર<br>૧. દરજી જિગ્નેશકુમાર<br>૨. પંચાલ રુચિર<br>૩. પ્રજાપતિ જયેશ<br>૪. પંચાલ નીરવ<br>૫. પટેલ લાલાભાઈ<br>૬. ઘાંચી મોહસીન |
| ૩. | વક્તૃત્વ સ્પર્ધા | દ્વિતીય | સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ<br>૧. ભટ્ટ ગરિમા |

## પ્રજાસત્તાક દિનની ઉજવણી



તા. ૨૬-૧-૦૬ના રોજ પ્રજાસત્તાક દિન રાષ્ટ્રીય પર્વની ઉજવણી ગુજરાત યુનિવર્સિટીના પટાંગણમાં ખૂબ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. યુનિ.ના મુખ્ય પ્રવેશદ્વાર સામે સવારે ૯-૦૦ કલાકે મા. કુલપતિશ્રી પ્રો. એ. યુ. પટેલ સાહેબના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મા. ઉપકુલપતિ શ્રી પ્રો. પરિમલ એચ. ત્રિવેદી, કુલસચિવ શ્રી ડૉ. બી. ડી. વનાર, શ્રી વી. કે. ચાવડા, યુનિ. અધિકારીશ્રીઓ, યુનિ. ભવનના વડાઓ, પ્રાધ્યાપકશ્રીઓ, વિવિધ કૉલેજના આચાર્યશ્રીઓ, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, એન.સી.સી.ના કેડેટ્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી પ્રસંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાંથી એન.સી.સી.ના બેસ્ટ કેડેટ્સોને વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે પ્રમાણપત્રો તથા મેડલો મા. કુલપતિશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યાં હતાં. તદ્ઉપરાંત નૅશનલ યુવક મહોત્સવમાં વિજેતા વિદ્યાર્થીઓને પણ મેડલ તથા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. આ વર્ષે આયોજિત ચીમનભાઈ પટેલ ક્રિકેટ ટ્રોફીમાં આપણી યુનિ. વિજેતા બનેલ હતી. વિજેતા બનેલ ક્રિકેટના ખેલાડીઓને ટ્રોફી પણ મા. કુલપતિશ્રીના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આમ આ પર્વની ઉજવણી ખૂબ જ ધામધૂમપૂર્વક યુનિ. દ્વારા કરવામાં આવી હતી. ❑

## અનુસ્નાતક ભવનોની ગતિવિધિ

### શિક્ષણશાસ્ત્ર વિભાગ

**સ્વનિર્ભર બી. એડ્. કૉલેજોના અધ્યાપકો માટે આંતરિક ગુણાંકન પર આધારિત કાર્યશાળા**

**(તા. ૯-૧૧ જાન્યુઆરી, ૨૦૦૬)**



આયોજક : શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

વર્કશોપ ડાયરેક્ટર : ડૉ. આર. ડી. મૂળિયા, પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

વર્કશોપ કોઓર્ડિનેટર : ડૉ. આર. એસ. પટેલ, પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી

નાણાકીય સહાય :

યુ.જી.સી. અનએસાઇન્ડ ગ્રાન્ટ રૂ. ૨૫,૦૦૦/-

બી.એડ્. એડમિશનલ સેલ રૂ. ૪,૩૫૦/-

- કાર્યશાળાનો મુખ્ય હેતુ : આંતરિક ગુણાંકનમાં એકવાક્યતા (Uniformity) લાવવી.
- લાભાર્થીઓ : (૧) ગુજરાત યુનિ. સંલગ્ન સ્વનિર્ભર બી.એડ્. કૉલેજના અધ્યાપકો

(પુરુષ અધ્યાપકો + સ્ત્રી અધ્યાપકો)

(૨) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ના એમ.એડ્.ના તાલીમાર્થીઓ-૨૯

આ કાર્યશાળાની શરૂઆત તા. ૯-૧-૦૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે રજિસ્ટ્રેશનથી થઈ હતી. ૧૧.૦૦ વાગ્યે કાર્યશાળાનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો.

અતિથિવિશેષ શ્રી ડૉ. વાય. એસ. શાસ્ત્રીએ ભવનનો પરિચય કરાવી, કાર્યશાળાને શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય મહેમાન ઉપકુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી સાહેબે પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. તેમાં તેમણે શિક્ષણના વ્યવસાયને ઉમદા વ્યવસાય ગણાવી. વ્યવસાય પ્રત્યે પ્રતિબદ્ધતા અને વ્યવસાયિક વિકાસ સાધવા પર ભાર મૂક્યો હતો.

ઉદ્‌ઘાટન સમારોહ સંપન્ન થયા બાદ કાર્યશાળાના ડાયરેક્ટર શ્રી ડૉ. આર. ડી. મૂળિયાએ કાર્યશાળા અંગે ચાવીરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં ચર્ચવાના તમામ વિભાગો તથા સંબંધિત મુલકોની માહિતી આપવામાં આવી હતી.

ભોજન બાદ પ્રથમ સેશન ૨.૦૦ કલાકે શરૂ થયું હતું. તાલીમાર્થીઓ દ્વારા અપાતા પાઠ જેવા કે માઇક્રો પાઠ, સેતુ પાઠ તથા સામાન્ય પાઠ અંગેની સૈદ્ધાંતિક ભૂમિકા ડૉ. સી. એસ. રાવલે રજૂ કરી હતી. ત્યારબાદ તમામ લાભાર્થીઓ પાંચ જૂથમાં વહેંચાઈ ગયા હતા. વક્તાએ આપેલા માર્ગદર્શક સિદ્ધાંતોને લક્ષમાં રાખી દરેક જૂથે વિવિધ પ્રકારના પાઠના હેતુલક્ષી મૂલ્યાંકનની ગુણાંકન યોજના ઘડી કાઢી હતી. પ્રત્યેક જૂથે પોત-પોતાના જૂથકાર્યની રજૂઆત કરી હતી. અંતભાગમાં સર્વસ્વીકૃત ગુણાંકન યોજના તૈયાર કરવામાં આવી હતી. શ્રી રાવલ સાહેબનો આભાર તેજલબહેન પંડિતે માન્યો હતો.

બીજું સેશન ૩.૩૦ કલાકે શરૂ થયું હતું. આ સેશનમાં બે સમાન્તર સેશન્સ યોજાયાં હતાં.

ડૉ. સ્મિતાબહેન ત્રિવેદીએ પુસ્તક પરિચય અંગે તેમજ ડૉ. ગીરાબહેન સી. વોરાએ પ્રાયોગિક કાર્ય અંગે માર્ગદર્શક મૂલકો રજૂ કર્યાં હતાં. અગાઉની જેમ જ જૂથકાર્ય કર્યા બાદ દરેક જૂથે પોતપોતાની રજૂઆતો કરી હતી. ચર્ચા-વિચારણાને અંતે પુસ્તક પરિચય અને વિજ્ઞાન પ્રયોગની ગુણાંકન યોજનાઓ તૈયાર થઈ હતી.

ચાના વિરામ બાદ દિવસની સમગ્ર કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી. લાભાર્થીઓએ ચર્ચા માટે વધુ સમય મળે તે માટે બીજા દિવસની કાર્યવાહી ૧૦.૩૦ ને બદલે ૯.૩૦ કલાકે શરૂ કરવાની વિનંતી કરી હતી. તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ડૉ. સ્મિતાબહેન ત્રિવેદીનો આભાર ડૉ. અમૃતભાઈ ભરવાડે તથા ડૉ. ગીરાબહેન વોરાનો આભાર રાવલ રશ્મિએ માન્યો હતો.

**બીજો દિવસ : તા. ૧૦-૧-૨૦૦૬ મંગળવાર**

બીજા દિવસની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ગઈકાલની બાકી રહી ગયેલી ચર્ચાઓ પૂર્ણ કરવામાં આવી હતી.

તૃતીય સેશન ૧૦.૩૦ કલાકે શરૂ થયું હતું. આ સેશન બ્લ્યૂ-પ્રિન્ટ અને પ્રશ્નપત્રની રચના પર આધારિત હતી. ડૉ. આર. એસ. પટેલે વિષયને અનુરૂપ સૈદ્ધાંતિક બાબતો OHP દ્વારા રજૂ કરી હતી. બ્લ્યૂપ્રિન્ટ અને પ્રશ્નપત્રના મૂલ્યાંકન માટેની ગુણાંકન યોજના પણ રજૂ કરી હતી.

ચોથું સેશન ક્રિયાત્મક સંશોધન/વ્યક્તિ અભ્યાસ પર આધારિત હતું. શિક્ષણશાસ્ત્ર વિભાગમાંથી જૂન ૧૪, ૨૦૦૫ના રોજ નિવૃત્ત થયેલા ડૉ. એમ. એલ. જોશીએ તે અંગે સૈદ્ધાંતિક બાબતો રજૂ કરી હતી.

ભોજન બાદ પાંચમું સેશન શરૂ થયું હતું. આ સેશનનો વિષય મનોવૈજ્ઞાનિક કસોટીઓ અને તેના મૂલ્યાંકન પર આધારિત હતો. મનોવિજ્ઞાન વિભાગના વડા ડૉ. એ. બી. જનસારીએ પ્રમાણિત કસોટીઓ, તેમની પસંદગી અને ઉપયોગ-સંચાલન સંબંધી ધ્યાનમાં રાખવા જેવી બાબતો પર વિશેષ ધ્યાન દોર્યું હતું.

**ત્રીજો દિવસ : તા. ૧૧-૧-૦૬ બુધવાર**

સવારે ૮-૩૦ કલાકે છઠ્ઠું સેશન શરૂ થયું હતું. આ સેશન ઇન્ટર્નશીપ પર આધારિત હતું. આ સેશન માટે ડૉ. મોહનભાઈ પટેલ ઉપસ્થિત થયાં હતાં. ઉદ્યોગોમાં In house training કે On the job trainingની વ્યવસ્થા હોય છે તેવી જ વ્યવસ્થા તાલીમી કૉલેજોમાં અમલી બની છે. તેના દ્વારા તાલીમાર્થી જ્યારે શિક્ષક તરીકે શાળામાં જોડાશે ત્યારે કઈ કઈ પરિસ્થિતિઓમાં તેને પસાર થવું પડશે ? તેવા અનુભવો ઇન્ટર્નશીપ દરમિયાન પૂરા

પાડવાનો પ્રયાસ થાય છે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

સાતમું અને છેલ્લું સેશન ૧૦.૦૦ કલાકે શરૂ થયું હતું. આ સેશનમાં ત્રણ મુદ્દાઓ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, હાજરી અને મૌખિક પરીક્ષા (Viva)નો સમાવેશ કરવામાં આવ્યો હતો. એમ. એન. શુક્લ બી.એડ્. કૉલેજના પ્રિન્સિપાલ શ્રી દુષ્યંતભાઈ શુક્લે પોતાના વિચારો આગવી શૈલીમાં રજૂ કર્યા હતા. તેમણે અગાઉથી તૈયાર કરેલી પ્રવચન-નોંધ દરેકને આપી. સીધા જ પ્રત્યેક મુદ્દા પર લાભાર્થીઓના વિચારો રજૂ કરવાનું આમંત્રણ આપ્યું હતું.

સમાપન સમારોહમાં એમ. એડ્.ના વિદ્યાર્થિની સોનલબહેને પોતાના પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે કાર્યશાળામાં ભાગ લેવાનો આ પ્રથમ અનુભવ હતો. પરંતુ આ અનુભવ જીવંતપર્યંત યાદ રહે તેવો હતો. કાર્યશાળાનું આયોજન, સંચાલન, તેની પાછળના પરિશ્રમથી પરિચિત થઈ મળેલા અનુભવો ભવિષ્યમાં અતિઉપયોગી બનનાર છે તેમાં શંકાને સ્થાન નથી. અધ્યાપક બનવાની તક મળશે તો મળેલા અનુભવોનો ઉપયોગ કરવાની ખાતરી આપી હતી.

પ્રમાણપત્રોનું વિતરણ સમારંભના પ્રમુખ તથા અતિથિવિશેષે કર્યું હતું. પ્રમાણપત્રની ડિઝાઇન અને ગુણવત્તા જોઈ ડૉ. દુષ્યંતભાઈ શુક્લ સાહેબે જણાવ્યું હતું કે મારી ૩૫ વર્ષની કારકિર્દીમાં આટલું સુંદર પ્રમાણપત્ર મેં બીજે ક્યાંય જોયું નથી.

મુખ્ય મહેમાન તરીકે ડૉ. પ્રસાદભાઈ બ્રહ્મભટ્ટે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે આજની પરિસ્થિતિમાં આંતરિક ગુણાંકનમાં objectivity અને transparency જળવાય તેવું જરૂરી છે. આ કાર્યશાળા દ્વારા તૈયાર થયેલી યોજના આ બંને બાબતો આંતરિક ગુણાંકનમાં આવશે તેવો મને વિશ્વાસ છે. તેમણે વિવિધ વિદ્યાશાખાઓમાં આંતરિક ગુણાંકનમાં ઊભી થતી પક્ષપાતભરી પરિસ્થિતિના દાખલાઓ પણ ટાંક્યા હતા. અંતમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષણશુદ્ધિ દ્વારા સમાજશુદ્ધિ તરફ આગળ વધવાની તાતી જરૂરિયાત છે. તેમાં શિક્ષકોનો સિંહફાળો જરૂરી છે.

અંતભાગમાં ડૉ. એલ. જી. માલવે આભારવિધિ કરી હતી.

❑

શિક્ષણશાસ્ત્ર વિભાગમાંથી ડૉ. આર. ડી. મૂલિઆ, ડૉ. એ. જે. ભરવાડ અને ડૉ. એલ. જી. માલવે પતિયાલા ખાતે યોજાયેલ AIAER International Conferenceમાં ભાગ લીધો હતો.

## રાજ્યશાસ્ત્ર વિભાગ

૧. યુ.જી.સી.ના ASIHSS કાર્યક્રમ અંતર્ગત રાજ્યશાસ્ત્ર વિભાગ એમ. એસ. યુનિ. બરોડા દ્વારા બે દિવસના રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તા. ૧૬, ૧૭ જાન્યુ.ના રોજ રાખેલ હતું. તેમાં દેશની અલગ-અલગ યુનિ.ના અધ્યાપકોએ ભાગ લીધો હતો. આ બે-દિવસીય સેમિનારમાં વિભાગના બંને અધ્યાપકોએ ભાગ લીધો હતો અને પ્રો. એસ. વી. ઝાલાએ 'મિશ્ર સરકાર અને ભારતમાં પક્ષપ્રથા' આ વિષય ઉપર પોતાનું પેપર રજૂ કર્યું હતું.

૨. વિભાગ દ્વારા તા. ૨૭-૧-૨૦૦૬ના રોજ એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો 'આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ : વૈશ્વિકીકરણ, આતંકવાદ અને પર્યાવરણવાદ.

વક્તા તરીકે પૂર્વ વિભાગીય અધ્યક્ષ ગુજરાત યુનિ. અને જાણીતા કટારલેખક રાજ્યશાસ્ત્રી અને હાલ અમેરિકાસ્થિત કર્મશીલ પ્રો. પ્રવીણભાઈ શેઠને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં એમ.એ. ભાગ-૧-૨ના વિદ્યાર્થીઓની સાથે અન્ય વિષયોના વિદ્યાર્થીઓએ પણ સક્રિય ભાગ લીધો હતો તેમજ સ્થાનિક કૉલેજના અધ્યાપકોએ અને વિદ્યાપીઠના અધ્યાપકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સાથોસાથ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પરના આ વ્યાખ્યાનમાં ચર્ચા કરવા સમાજવિદ્યા ભવનના અન્ય વિભાગના અધ્યાપકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

૩. તા. ૨૯-૧-૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળ દ્વારા બોરિયાવી-આણંદ મુકામે એકદિવસીય સેમિનાર તેમજ એમ. એસ. યુનિ.ના વાઇસ ચાન્સેલર ડૉ. મનોજ સોનીના અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના બંને અધ્યાપકોએ સક્રિય ભાગ લીધો હતો. તેમજ પ્રો. એસ. વી. ઝાલાએ કુલપતિ ડૉ. મનોજ સોનીનું ગુજરાત યુનિ.ના પ્રતિનિધિ તરીકે અભિવાદન કર્યું હતું. સેમિનારમાં પ્રો. ઝાલાએ 'ગુજરાતના રાજકારણની તાસીર' વિષય પર પોતાનું પેપર રજૂ કર્યું હતું. જ્યારે પ્રો. મુકેશ ખટીકે 'ગુજરાતમાં પ્રાદેશિક પક્ષો'એ વિષય પર પોતાનું પેપર રજૂ કર્યું હતું.

૪. તા. ૨૪-૨-૨૦૦૬ના રોજ વિભાગ દ્વારા એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય : (i) વિદેશનીતિના અભ્યાસના અભિગમો અને (ii) ભારતીય વિદેશનીતિનો તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ રાખવામાં આવ્યો હતો. વક્તા તરીકે પ્રો. ડૉ. આનંદ માવળંકર, અધ્યક્ષ, રાજ્યશાસ્ત્ર વિભાગ, એમ. એસ. યુનિ., બરોડાને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

વ્યાખ્યાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો સ્થાનિક કૉલેજના અધ્યાપકમિત્રો તેમજ અન્ય સંસ્થાઓના કર્મચારીઓએ મોટી સંખ્યામાં હાજર રહી સક્રિય ભાગ લીધો હતો તેમજ રસ ધરાવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની હાજરી પણ આવકારદાયક હતી. યુનિ.ના વિવિધ વિભાગના અધ્યાપક મિત્રોએ પણ ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો. ડૉ. માવળંકરે મુદ્દાસર અને વિસ્તારપૂર્વક ખૂબ જ વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

આમ, રાજ્યશાસ્ત્ર વિભાગ એ સતત સક્રિય વિભાગ તરીકે કામગીરી કરતું જોવા મળે છે.

❑

## ભાષાવિજ્ઞાન વિભાગ

તા. ૭-૦૨-૦૬ થી તા. ૧૧-૦૨-૦૬ સુધી ભાષાવિજ્ઞાન વિભાગ, એમ.એસ. યુનિ. વડોદરા દ્વારા આયોજિત CL/NLP (Computational Linguistics/Natural Language Processing) પરના Morphological analyser of Gujarati ઉપરના કાર્યશિબિરમાં ભાષાવિજ્ઞાન વિભાગ, ગુજ. યુનિ.ના ડૉ. નીલોત્પલા ગાંધી અને પ્રાકૃત વિભાગ ગુજ. યુનિ.ના ડૉ. સલોની જોષીએ ભાગ લીધો હતો.

તા. ૧૨-૦૨-૦૬ના રોજ આ જ કાર્યશિબિરના માર્ગદર્શક પ્રા. અંબા કુલકર્ણી (NLPના વિઝિટિંગ પ્રાધ્યાપક RSVP તિરૂપતિ)એ ભાષાવિજ્ઞાનના ડિપ્લોમાના વિદ્યાર્થીઓ સાથે CL/NLP અને વાર્તાલાપ કર્યો અને આ વિષયના અન્ય યુનિ.માં ચાલતા કોર્સ અંગે તથા આ વિષય માટેની ભવિષ્યમાં ઊભી થનાર તક અંગે માર્ગદર્શન આપ્યું.

❑

## Department of Geography

* Dr. K. M. Kulkarni presented a key paper on ``Some Aspects of well- being and Deprivation at Global and National Level'' in the `National Seminar on Development and Spatiostratal Deprivation', organised by the Department of Geography of Mohanlal Sukhadia University, Udaipur during 27-28 January, 2006. He also chaired one of the Technical Sessions of the Seminar.

* Dr. (Mrs.) A. Prajapati led a team of M.A. Part-I students on a Geographical Study tour to Rann of Kachha covering (Anjar, Kandla, Moti Khakhar, Mandvi, Tundvadh, Ramania, Narayan Sarovar, Nalia and Koteshwar during 17-20 January, 2006.

## Department of Psychology

Dr. Kamayani Mathur

(1) Research Paper published in ``Readings in Applied Psychology" by JNV University, Department of Psychology on the topic ``A psychophysiological evaluation in trainee nurses in a hospital set-up" Page No. 226, Scientific Publishers (2006), Jodhpur.

(2) Attended a 3 day National Level conference in Jaipur from 3rd-5th February, 2006, organized by the Association of Clinical Psychologists on the theme - ``Clinical Psychology for stress free living : Promotion of Positive Mental Health and Happiness."

(3) Read a research paper in this same conference on the 3rd of February, 2006 on ``Managing stress in workers of Organized Sectors."

(4) Attended a one day workshop on ``Impact of Environment on Global Peace : Five Dimensions'' conducted by Dr. Krishna Ahooja Patel, President, Women's International League for Peace and Freedom, Geneva at the Department of Philosophy on February 18th 2006.

❑

## BOTANY DEPARTMENT




A Botany workshop on the theme of **"Botany: Meeting the Challenges and Generating Interests among Masses"** was held at the Botany department on 4th Feb – 2006. The workshop was inaugurated by the senior most Botanist Prof. I.H.Kachchi (80 years old). The workshop, a brain child of Prof. Dr. A.V.Vyas, Head, Botany Department was a big success with active support by the staff Prof. Y.T.Jasrai, Dr. A.U.Mankad, Dr. H.A.Solanki and Dr. H.A.Pandya. The students (66 nos. including M.Sc., M.Phil. & Ph.D.) of the department also participated in the workshop. 42 College teachers

from various colleges of Gujarat University teaching Botany actively participated and highlighted the issues concerning the subject Botany while the 22 retired teachers (retired from Gujarat University) provided with some valuable suggestions. The retired teachers were felicitated in a special ceremony chaired by Prof. Arvind Bhandari (Registrar, Gujarat University), Prof. M.N.Desai (Ex-V.C. Gujarat Univ.), Prof. U.C.Pande (Director, U.S.Sc.) and Prof. Gurumurthy.

It was resolved that the teachers teaching Botany would form an association and meet each year to discuss various aspects of the subject and their valuable inputs would be kept in the forefront while decision making by responsible persons.

### કે. એસ. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ

કે. એસ. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ચાલતા એમ.બી.એ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ રમત-ગમત તથા સામાજિક કાર્યકર્તા તરીકે નિમણૂક પ્રાપ્ત કરેલ છે.

(૧) શ્રી પ્રિયંક ભોઈવાલા તથા મેહુલ કુનાનીને - સિંગાપુરમાં યોજાનાર ઇન્ટર નેશનલ RUGBY ચેમ્પિયનશીપમાં ભારતની ટીમ તરફથી રમવા માટે પસંદ થયેલ છે.

(૨) શ્રી શિશિલ શાહને અખિલ ભારતીય ભ્રષ્ટાચાર નાબૂદી અને માનવ અધિકારિતા પરિષદ તરફથી અમદાવાદ સિટી પ્રેસિડેન્ટ ઑફ ગુજરાત તરીકે નિમણૂક આપવામાં આવી છે.

❑

## Symposium

Symposium Convenor - Prof. Ranjana Harish, Director, James Reaney Canadian Centre (Guj.Uni.) & Head, Dept. of English, School of Languages (Guj. Uni.)

Report prepared by - Dr. Rupalee Burke, Lecturer, Dept. of English, Shree Sahajanand Vanijya Mahavidyalaya, Ahmedabad.




A three day long International Symposium organized under the CSDP grants of the Foreign Affairs Ministry of Canada through the Shastri Indo-Candian Institute on the theme `One Hundred Years of Indian immigration to Canada' was hosted by the James Reaney Canadian Centre, Gujarat University, Ahmedabad, from 22nd to 24th January, 2006 under the convenorship of Director of the Canadian Centre, Prof. Ranjana Harish.

The inaugural function was a high profile event with eminent dignitaries on the dais. They were all warmly welcomed and introduced by Prof. Ranjana Harish, Head of the Dept. of Englhsi & Director, James Reaney Canadian Centre, (Guj. Uni). There was Ms. Diane Caldwell, assistant to H. E. Canadian High Commissioner Lucie Edwards, who released the aesthetically prepared Book of Abstracts, Prof. John Wood, Academic Advisor to Shastri Indo-Canadian Institute, who delivered the Inaugural and Keynote Address, the Vice Chancellor of Gujarat University Prof. A. U. Patel, who delivered the Presidential Address and felicitated eminent Canadianist-scholar Prof. O. P. Juneja. Prof. O. P. Juneja became very emotional as he gave his response for being felicitated by his `home state' as he put it. The Pro. V. C. Prof. Parimal Trivedi, gave `Aavkar' to Canadian Intern Ms. Tara Mawhinney, Justice Shri M. S. Shah delivered the Guest of Honour's Speech. Prof. Dennis Duffy was the one guest cum resource person on the dais who remained present for all the three days. Dr. Darshana Trivedi did the vote of thanks. The inaugural function went off smoothly with efficient stage management by Ms. Nutan Damor. Ms. Saptam Patel did a fine job as anchor person. The function began with an unusual invocation called ``An Immigrants Prayer" sung by Ms. Jean D'souza and Dr. Rupalee Burke and was solemnly concluded with the Canadian anthem sung by the two singers and Ms. Tara Mawhinney who taught it to them and finally the Indian anthem thus lending a truly Indo-Canadian air to the event.

The messages from the Hon'ble Chief Minister of Gujarat State, Shri Narendra Modi and the Hon'ble Education Minister of State, Smt. Anandiben Patel, contained in the book of Abstracts explain the importance of this Symposium. The back cover title of the Book of Abstracts carries the lyrics of `An Immigrant's Prayer' which so aptly describe all aspects touching an immigrant's life that the `crossing of the stream' idea was readily contextualized by a couple of speakers.

To come to the nature of the Symposium, it was a multi-disciplinary one and one with presentations by only invited resource presons. It has now become a hallmark of academic events hosted by the English Department and the Canadian Centre of Gujarat University to organize multi-disciplinary events, a very welcome step indeed. Firstly, it encourages inter-disciplinary exchange and mobilizes inter- disciplinary awareness which is the need of the hour, since being confined to the ghetto of one's own discipline is neither favourable nor profitable. The terms `immigration' and `immigrant' become all the more relevant here as venturing from ones' own discipline to another is an immigration of a different sort with academic boundaries instead of geographical ones and makes one an immigrant in the academic context. Secondly, such an event gives the much awaited opportunity to all interested persons from various disciplines under one roof itself and at the doorstep, not to mention that such events are being organized in such rapid succession that the more enthusiastic have many to attend whereas if there are some who happen to miss one they know the other is not far behind. The large number of participants each time testifies to the fact the such events are eagerly looked forward to. All credit certainly goes to Prof. Ranjana Harish whose commitment and enthusiasm for organizing academic events has been duly aknowledged by the Vice Chancellor of Gujarat Unieversity and whose industrious initiative for making the English Department and the Canadian Centre `hubs of academic events of international standard' has been appreciated by the Pro. Vice Chancellor of the Gujarat University in their printed messages respectively.

There were a wide range of topics that were dealt with in the presentations. Each presentation was very effective in communication since the Resource persons were very illustrious scholars, luminaries in their respective fields of excellence. A whole string of adjectives would not suffice to describe the presentations made by the eminent speakers nevertheless they can be described as insightful, scholarly, engaging, stimulating and thought-provoking enough to generate a lot of genuine interest amont the participants. As a participant myself I can say, also as representative of all others that we have been able to acquire insight into almost all aspects of Canada and Canadian way of life especially for immigrants, enough to enable us into further study. Participants had the advantage of gathering information from very learned Resource persons mentioned in the Book of Abstracts.

Like in previous envets organized by the English Dept. and the Canadian Centre of Gujarat University, this time too, the large presence of young lecturers made a statement about inclination of young academics towards research, an aspect which delighted the senior Resource persons. It would be very useful to think of ways to ensure still more inter-active participation in terms of time and scope.

Alls well that ends well they say. And so is the case with this International Symposium. The event has been brought to a close in a very qualitatively satisfying manner. An enthusiastic and hardworking taskforce is always indispensable for any event to be solemnized. It is at this juncture that the members of all the Committees and co-ordinating teams need to be thanked profusely for having worked as a team in perfect tuning with one another. Among them Nigam Dave, Brijesh Bhatt, Kavita Patel, Rucha Brahmbhatt, Jayesh Mandanka, Vaibhav and Niyati have been visibly helpful.

All the participants are lecturers in various colleges and institutions across the city. At the end of the Symposium I am able to discern a hub and spoke relationship between the Englsih Dept. of the Guj. Uni. and the various deps. in colleges and universites in the ctiy, state, country and abroad. Prof. Ranjana Harish beckons `academic mumukshus' time and again, in this case she has drawn `academic immigrants' to the symposium like the spirit of the homeland itself. ❑

## Academic Staff College

### Report on the 1st refresher course in Life Sciences (Zoology, Biochemistry, Botany and Microbiology) 2nd February '06 to 22nd February 06




From left Dr. A. V. Vyas, Dr. J. S. Joshi, Dr. Prasad Brahmbhatt, Dr. V. C. Shah, Dr. A. V. Bhandari, Dr. N.J. Chinoy, Dr. U.C. Pande

Venue : Zoology Department, University School of Sciences, Gujarat Universtiy, Ahmedabad-9.

The 1st Refresher course in Life Sciences was organized by Academic Staff College, Gujarat universtiy, Ahmedabad under auspicious of UGC and in association with the departments of Botany, Life Sciences, Microbiology and Zoology with a theme entitled ``Frontiers in Life Sciences'. Prof. V. C. Shah, the Ex-Vice Chancellor of M.S. Universtiy Baroda, and Dr. A. V. Bhandari, Registrar-Gujarat University inaugurated this course. Prof. Prasad Brahmbhatt, Director, ASC and Prof. U. C. Pande, Director, University School of Sciences were also present at the inaugural function. The course begins with special remarks on course and blessings from prof. Ms. N. J. Chinnoy, Ex- Director, School of Sciences and ExHead, Dept. of Zoology, Gujarat University, Ahmedabad.

These 21 days long course consisted of invited lectures from various eminent scientists, Academicians, leading Doctors and Clinicians of National and International repute. The discussions were covered from varied topics related to basic and applied aspects of Life Sciences with an aim to furnish latest information in the subject to the participants. This interdisciplinary course enabled the participants to understand the basics as well as applied aspects of each subject and its related biomedical research. The special invited lectures delivered by Dr. Sen Pathak (M.D. Anderson Cancer Research Center, Texas, USA) about telomerase activity, Dr. Sunil Trivedi (GCRI, Ahmedabad) on PCR, Prof. Gurumurthi (FRI, Coimbatore) on Biodiversity and IPR, Dr. A. J. Joshi (Bhavnagar) on halophytes, research methodology and instrumentation, Dr. Bonny Pilo (Baroda) on imaging technology, Dr. J. M. Vyas (Director, FSL) on Forensic Science, Dr. Sonal Baxi (GCRI, Ahmedabad) on cancer detection, Dr. Ramanna Rao (Vallabh Vidyanagar) on shelf life of fruits, Dr. M. H. Parabia (SGU, Surat) on medicinal plants were the most impressive and informative. The practical sessions dealt with acquainting the participants with various techniques were related to Botany, Life Sciences, Microbiology and Zoology. Participants also made a scientific presentation, submitted a research proposal and appeared in a test.

This course also provided an ideal platform to interact with participants and make new friends from different places like Mumbai, Sadra, Vallabh Vidyanagar, Baroda, Gandhinagar, Mansa, Junagadh, Veraval, Anand, Hrishikesh, etc. It was a good learning and refreshing experience at this stage of our service to enhance our knowledge. Participants are thankful to Prof. Dr. A. V. Vyas, (Head Botany Department), Prof. M. V. Rao (Head, Zoology Department), Prof S. R. Dave (Head, Microbiology Department), and Dr. N. K. Jain (Head, Life Sciences Department) for chalking out and absorbing yet interesting course schedule for theory and practicals and for conducting the entire course in a friendly, cooperative and inspiring manner.

The valedictory function was held under the esteemed presence of Dr. A. K. Saxena (Director, Gujarat State Biotechnology Mission, Gandhinagar) who acquainted the participants with scopes in areas of Biotechnology in Biological Sciences. Prof. Prasad Brahmbhatt (Director, ASC, Gujarat Universtiy) also addressed the participants with words of encouragement in their carrier advancement. The certificates with appropriate grades were distributed to participants with a node of appreciation. Participants also expressed their views and thanked the Academic Staff College, and Course Coordinators (Prof. M. V. Rao and Prof. Ms. A. V. Vyas) for the hospitality provided. The course ended with vote of thanks by Dr. N. K. Jain.

❑

## B. K. School of Business Management

1. Dr. Sarla Achuthan chaired a session in the International Conference on Operations Research Application in Infrastructure Development **ICORAID-2005** in conjunction with the annual convention of **ORSI** at J. N. Tata Auditorium, Indian Institute of Science, Banglore during Dec 27-29, 2005.

2. Prof. Vilas Kulkarni and Prof. Sarla Achuthan presented a paper on **"Indian Management Education : Impact of Government, Regulatory bodies and Judiciary"** at International Conference on the theme **"Management Education at a cross roads"** held at Indian Institute of Management, Ahmedabad held on 1-3 January, 2006.

3. **PLACEMENT NEWS :** Students of B. K. School of Business Management are placed in various companies such as TORRENT, SAMBHAV, KOTAK MAHINDRA BANK, ICICI, GSPL, DOLCERA, CLARIS, ATUL, Doshi Ion, Claris Life science. This year 80 % of the class was placed by Feb 2006.

Telegram : ACASAFF Telephone : 079 26302962
Phone & Fax No. : 079 26305010

# Academic Staff College

**Gujarat University, Ahmedabad - 380 009.**

## Proposed Refresher & Orientation Courses

**(2006-2007)**

| No. | Subject | Date |
|---|---|---|
| 1 | Education | 13-04-06 to 3-5-06 |
| 2. | Sanskrit | 6-6-06 to 26-6-06 |
| 3 | Orjentation | 8-6-06 to 5-7-06 |
| 4 | Gujarati | 4-7-06 to 24-7-06 |
| 5 | Research Methodology in Social Sciences | 11-7-06 to 31-7-06 |
| 6 | Computer Science | 2-8-06 to 22-8-06 |
| 7 | Orientation | 1-8-06 to 28-8-06 |
| 8 | Management | 24-8-06 to 13-9-06 |
| 9 | Human rights (Sociology, Political Science & Law) | 4-9-06 to 24-09-06 |
| 10 | Environmental Sciences (All biological & Marine Sciences, Geography, Physics, Chemistry, Mathematics, Sociology & Economics)) | 14-9-06 to 4-10- 06 |
| 11 | Physical Education | 26-09-06 to 16-10-06 |
| 12 | Orientation | 02-11-06 to 29-11-06 |
| 13 | History | 07-11-06 to 27-11-06 |
| 14 | Library Science | 05-12-06 to 25-12-06 |
| 15 | Commerce & Statistics | 12-12-06 to 1-1-07 |
| 16 | Chemistry | 03-01-07 to 23-01-07 |
| 17 | English | 17-1-07 to 6-2-07 |
| 18 | Economics | 7-2-07 to 27-02-07 |
| 19 | Research Methodology in Languages | 14-2-07 to 6-3-07 |
| 20 | Life Sciences (Botany, Zoology, Micro Biology) | 5-3-07 to 25-3-07 |
| 21. | Orientation | 01-3-07 to 28-3-07 |

Note : The Schedule is valid subject to the approval of UGC.

* Application form is available on request to ASC office with self addressed stamped (Rs. 10) A4 envelop. Application form is also available on our website www.ascgujarat.org Application for a programme must reach the office at least 45 days prior to the commencement of the programme.

❑

## કૉલેજ કૉર્નર

### શ્રી એચ. કે. આર્ટસ કૉલેજ, કોમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટ આયોજિત રાષ્ટ્રિય અધિવેશન ઇન્ફર્મેશન ટેકનોલૉજી ફૉર ચેન્જિંગ ઇમેજીનિંગ્સ ઇનટુ ઓથેન્સિટી




ભારત ૨૧મી સદીમાં પ્રવેશ્યું છે અને દેશની કુલ વસ્તીના ૭૫ ટકા લોકો યુવાન છે ત્યારે કમ્પ્યૂટર શિક્ષણ વિશ્વ સાથેની હરણફાળમાં અત્યંત મહત્ત્વનું શસ્ત્ર બન્યું છે. આ કમ્પ્યૂટર શિક્ષણનું મહત્ત્વ સ્વીકારીને શ્રી એચ. કે. આર્ટસ કૉલેજના કોમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટના ઉપક્રમે યુ.જી.સી.ના આર્થિક સહયોગથી એક રાષ્ટ્રિય સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું. 'ઇન્ફર્મેશન ટેક્નોલોજી ફૉર ચેન્જિંગ ઇમેજીનિંગ્સ ઇનટુ ઓથેન્સિટી' વિષયક તા. ૨૧-૨૨ જાન્યુઆરી ૨૦૦૬ દરમિયાન એચ. કે. આર્ટસ કૉલેજના સભાગૃહમાં યોજવામાં આવેલ આ રાષ્ટ્રિય સેમિનારમાં ગુજરાતની જુદી જુદી કૉલેજોના અધ્યાપકો, વ્યવસાયિક તજ્જ્ઞોએ CYBER CRIME, eLearning, eGovernance, Wireless IT Infrastructure, Career in Digital Technology (Multimedia) જેવા વિષયો પર કુલ ૨૩ સંશોધનપેપરો રજૂ કર્યાં હતાં. આ સેમિનારની વિશેષતા એ હતી કે કમ્પ્યૂંટર ક્ષેત્રે જ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓને પણ સંશોધનનિબંધ વાંચનની તક મળે અને તે હેતુથી તેમના માટે પણ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઇન્ફર્મેશન ટેક્નૉલોજી, કોમ્યુનિકેશનના ક્ષેત્રમાં ગુજરાતનો યુવાન ક્યાં ?, ગુજરાતના વિકાસમાં આઈ.ટી.નું મહત્ત્વ, શિક્ષણમાં આઈ.ટી.નો ઉપયોગ જેવા વિષયો પર કુલ ૧૦ સંશોધનપેપરો રજૂ થયાં.

આ પ્રસંગે GNFCના IT વિભાગના ચેરમેન શ્રી જે. એસ. કોચર ઉદ્ઘાટક તરીકે, Gujarat Informatics Ltdના

Director શ્રી નીતાબહેન શાહ, ગુજરાત લૉ સોસાયટી ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર ટેક્નોલોજીના ડિરેક્ટર શ્રી આર. પી. સોની, તથા એચ. કે. ટેલિ એકેડેમીના ડિરેક્ટર શ્રી રાગેશભાઈ પટેલ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે શ્રી કોચર સાહેબે સાયબર લૉ તેમજ સાયબર ક્રાઇમની સામે પાર્લામેન્ટે શું ઠરાવો પસાર કર્યા છે અને કાયદાની પરિભાષામાં શું જોગવાઈઓ ઊભી થયેલી છે તે અંગેનો વિસ્તૃત અહેવાલ આપ્યો હતો. સાયબર ક્રાઇમ અંગે વિશેષ માહિતી મેળવવા અંગે ગુજરાત પોલીસ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. સી.આઈ.ડી. પોલીસ ઑફિસર ડૉ. પી. જી. નાંબિયારે આ અંગે સંશોધનનિબંધ પણ રજૂ કર્યો હતો. જ્યારે નીતાબહેન શાહે ગુજરાત રાજ્યનાં ગામે ગામ ચાલતાં સિવિક સેન્ટર તેમજ ગુજરાત ઇન્ફર્મેટિક્સની પ્રવૃત્તિઓ તેમજ ઇ-ગર્વનન્સ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. અને જી.એલ.એસ.-ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્પ્યૂટર ટેક્નોલોજીના ડિરેક્ટર શ્રી આર. પી. સોનીએ કમ્પ્યૂટર ક્રાઈમ તથા કમ્પ્યૂટરના અતિઉપયોગને કારણે ઊભાં થતાં ભયસ્થાનો સામે લાલબત્તી ધરી હતી.

આ પ્રસંગે નીતાબહેન શાહના હસ્તે એક પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને હાર્ડવેર-સૉફ્ટવેરની સમજ વધે અને નવી ટેક્નોલોજીથી તે લોકો વાકેફ બને તેમજ ગ્રાફિક્સની વિવિધ ઇફેક્ટ કેવી રીતે આપી શકાય ?, એકાઉન્ટિંગ શું ? ઇ-ગર્વન્સ શું છે ?, નેટવર્કીંગ શું છે ? આ વિષયો ઉપર તજ્જ્ઞો દ્વારા ઊંડાણપૂર્વક વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત જે વિદ્યાર્થીઓ કોમ્પ્યૂટરાઇઝ્ડ એકાઉન્ટિંગ ક્ષેત્રે સારું જ્ઞાન ધરાવતા હતા તેઓને માટે ટેલિ કંપની દ્વારા ઇન્ટરવ્યૂ ગોઠવવામાં આવ્યો હતો. જેમાંથી એક વિદ્યાર્થીને નોકરીની તક મળેલ છે.

તા. ૨૨મી જાન્યુઆરીએ ગુજરાતની ૨૨ કૉલેજોએ કમ્પ્યૂટર સોસાયટી ઑફ ઇન્ડિયાના સહયોગથી કમ્પ્યૂટર ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગુજરાત યુનિવર્સિટીના પ્રો-વાઇસ ચાન્સેલર શ્રી પરિમલભાઈ ત્રિવેદીએ આ ક્વિઝ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરતાં જણાવ્યું હતું કે ગુજરાતની એકસમયની પેઢી એ વેપારી પેઢી તરીકે ઓળખાતી હતી. તો ૨૧મી સદીની આ યુવા પેઢી સૉફ્ટવેર બ્રેઇન તરીકે ઓળખાશે. આ ક્વિઝ સ્પર્ધામાં મલ્ટીમિડિયાની મદદથી જુદા જુદા કમ્પ્યૂટરના સૉફ્ટવેર-હાર્ડવેર તથા કોમ્પ્યૂટર ટેક્નોલોજી વિષયક પ્રશ્નોના પાંચ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદની આર. એચ. પટેલ આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ પ્રથમ સ્થાને, રાધેશ્યામ, બીએડ કૉલેજ, મહુવા દ્વિતીય સ્થાને તથા આદિપુરની તોલાણી કૉમર્સ કૉલેજ તૃતીય સ્થાને વિજેતા થઈ હતી.

એચ. કે. આર્ટસ કૉલેજના કોમ્પ્યૂટર ડિપાર્ટમેન્ટ દ્વારા આયોજિત આ ઇન્ફર્મેશન ટેક્નૉલોજીને લગતા સેમિનારમાં ઉત્તર ગુજરાત યુનિ.,દક્ષિણ ગુજરાત યુનિ., સૌરાષ્ટ્ર યુનિ., વલ્લભવિદ્યાનગર યુનિ., ડીડીઆઈટી યુનિ. નડિયાદ તેમજ ગુજરાત યુનિ.ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. ❑

## પરિસંવાદ



તાજેતરમાં ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૬ની સાલને 'પ્રવાસન વર્ષ' તરીકે જાહેર કરેલ હોઈ તેના અનુસંધાને ગુજરાત પ્રવાસન નિગમ તથા શ્રી એચ. કે આર્ટસ કૉલેજના સંયુક્ત ઉપક્રમે એચ. કે. આર્ટસ કૉલેજમાં 'ગુજરાતની રાજધાનીઓ : ગઈ કાલ અને આજ' બાબતે એકદિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના પ્રિન્સિપાલ સુભાષ બ્રહ્મભટ્ટે સ્વાગતપ્રવચન કરી દરેકને આવકારી પ્રવાસનનું મહત્ત્વ સમજાવ્યું હતું સદરહુ પરિસંવાદનું ઉદ્‌ઘાટન ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેનશ્રી વિજય રૂપાણીએ કરેલ તથા ઉદ્‌ઘાટનપ્રવચનમાં તેમણે જણાવ્યું કે, '.ગુજરાત એ પ્રવાસનના ક્ષેત્રે ખૂબ વિકસી શકે એવું રાજ્ય છે અને પ્રવાસનને આનુષંગિક 'ઇકો ટુરિઝમ' અને 'મેડિકલ ટુરિઝમ' પણ રાજ્યની આબાદીમાં વધારો કરી શકે.'

સેન્ટર ફૉર એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ પ્રોગ્રેસ (CERP)ના અધ્યક્ષશ્રી હરિ દેસાઈએ પ્રવાસનવર્ષની ઉજવણી નિમિત્તે 'ગુજરાતની રાજધાનીઓ : ગઈકાલ અને આજ'નું મહત્ત્વ સમજાવ્યું હતું પ્રથમ બેઠકને અંતે પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટ દ્વારા નિર્મિત 'ગુજરાતની પ્રાચીન રાજધાની' વિષય પર ફિલ્મ

દર્શાવવામાં આવી હતી. પ્રથમ બેઠકમાં ડૉ. થૉમસ પરમારે ગુજરાતની રાજધાની ચાંપાનેરનું સાંસ્કૃતિક મહત્ત્વ દર્શાવ્યું હતું અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'વલભી' શબ્દની જોડણીથી માંડીને તેની પ્રાચીન વિદ્યાપીઠ તથા વલભીના વિનાશના જુદા જુદા પાસાઓ પર પ્રકાશ ફેંક્યો હતો.

વરિષ્ઠ પત્રકાર વિષ્ણુ પંડ્યાએ 'ગિરિનગર - જૂનાગઢ' સુધીની વિકાસયાત્રાની જનઇતિહાસની દૃષ્ટિએ મુલવણી કરી હતી. આ બેઠકના અંતમાં સાંસ્કૃતિક બાબતના સચિવ શ્રી વરુણનાથ માયરાએ વિદેશથી આવતા પ્રવાસીઓને ગુજરાતથી કઈ રીતે આકર્ષાય. તેનાં સૂચનો કર્યાં હતાં અને ઇતિહાસના ખૂટતા અંકોડા પર ચર્ચા છેડી હતી.

બીજી બેઠકમાં પાટણના શ્રી મણિભાઈ પ્રજાપતિએ સંસ્કૃતિ સાહિત્યમાં અભિવ્યક્ત પાટણના ઉલ્લેખો કર્યા હતા. ભારતીય સંસ્કૃતિના ડૉ. રશ્મિ ઓઝાએ 'પ્રાચીન રાજધાની દ્વારિકાના અવશેષોમાંથી દ્વારકાનો ઇતિહાસ, કઈ રીતે પ્રજા સમક્ષ મૂકી શકાય તેનાં સૂચનો કર્યાં હતાં. ભો. જે. વિદ્યાભવનના અધ્યાપક ડૉ. આર. ટી. સાવલિયાએ સરસ્વતીનાં વહેણ અને સહસ્રલિંગ સરોવર પર પ્રકાશ ફેંક્યો હતો. પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે પાટણથી રાજધાની સાબરમતી નદીના કિનારે કેમ ખસેડવામાં આવી ? તે પ્રશ્ન છેડ્યો હતો.

સમારંભના અંતે ભો. જે. વિદ્યાભવનના નવા વરાયેલા નિયામક શ્રી ડૉ. રશ્મિ મહેતાએ સમારંભના અધ્યપક્ષપદેથી વિવિધ વક્તાઓના શોધનિબંધ પર વિશેષ ટિપ્પણી કરી હતી. C.E.R.P.નાં નિયામક શ્રી પારુલ ટીના દોશીએ પ્રવાસન નિગમ અને શ્રી એચ. કે. આર્ટસ કૉલેજ પરત્વે આભારની લાગણી વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. મીનળ શેલતે સુપેરે નિભાવ્યું હતું. ❑

## ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું અગિયારમું અધિવેશન

સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપકોનું અધ્યાપન અને સંશોધનકાર્ય વધુ ને વધુ તેજસ્વી બનતું રહે, વિષયમાં સંશોધન કરી રહેલા વિદ્યાર્થીઓની સમાજમાં પુખ્તતા આવે અને જુદાં



જુદાં ક્ષેત્રોમાં કામ કરતા કે સંશોધન કરતા વિષયાનુરાગીઓનો અનુરાગ જળવાઈ રહે એ આશયથી ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદ પ્રતિવર્ષ અધિવેશનનું આયોજન કરે છે.

૨૦૦૬ના વર્ષનું ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદનું ૧૩મું અધિવેશન શ્રી એચ. કે. આર્ટસ કૉલેજના યજમાનપદે ૫૧ વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે ૨૮, ૨૯ જાન્યુઆરી ૨૦૦૬ના રોજ યોજાઈ ગયું. આ અધિવેશનમાં ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના ઉપરાંત મુંબઈની એસ.એન.ડી.ટી. યુનિ.ના ૨૧૦ જેટલા અધ્યાપકો, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. ૨૮ જાન્યુઆરીને શનિવારે સવારે ૯-૩૦ કલાકે જુદી જુદી યુનિવર્સિટીઓના ત્રણ કુલપતિઓ પ્રા. એ. યુ. પટેલ (ગુજરાત યુનિવર્સિટી), ડૉ. આમ્રપાલીબહેન મર્ચન્ટ (બાબાસાહેબ આંબેડકર યુનિ.), ડૉ. વિદ્યુત જોષી (પૂર્વ કુલપતિ, ભાવનગર યુનિ.) તેમજ પૂર્વ સાંસદ અને સમાજશાસ્ત્રનાં અધ્યાપક તેમજ અભ્યાસુ પ્રિ. ડૉ. ઊર્મિલાબહેન પટેલે દીપ પ્રગટાવીને અધિવેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ગુજરાત સમાજશાસ્ત્ર પરિષદના પ્રમુખ ડૉ. એ. એસ. પટેલ અધિવેશનના પ્રમુખપદે હતા. ડૉ. જયપ્રકાશ ત્રિવેદીએ પરિષદના મંત્રી અને પ્રા. શનાભાઈ પટેલે સંયોજક તરીકે કામગીરી બજાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. નલિની કે. ત્રિવેદીએ કર્યું હતું.

શ્રી એચ. કે. આર્ટસ કૉલેજના આચાર્યશ્રી સુભાષભાઈ બ્રહ્મભટ્ટે સ્વાગતપ્રવચન કર્યું અને અર્ધી સદીનો ભવ્ય ઇતિહાસ ધરાવતી કૉલેજોનો ટૂંકમાં પરિચય કરાવ્યો. દરેક કુલપતિએ વિષય-વિકાસ અને અધ્યાપકના સ્વવિકાસને અનુલક્ષીને અધિવેશનની પ્રસ્તુતા અંગે વાત કરી હતી. ડૉ. ઊર્મિલાબહેન પટેલે પણ વિષયવિકાસના આ વિશેષ કાર્યક્રમમાં આવવાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને શુભેચ્છા પાઠવી હતી. પરિષદના પ્રમુખ ડૉ. એ. એસ. પટેલે પ્રમુખીય પ્રવચન આપ્યું હતું, જેમાં તેઓએ ૧૯૭૭માં કરેલો એક ગામનો અભ્યાસ અને પુનઃ ૨૦૦૫માં કરેલો એ જ ગામના અભ્યાસને આધારે 'બદલાતા ગામડા'નો પરિચય કરાવ્યો હતો.

પ્રસ્તુત અધિવેશનમાં 'ગ્રામીણ અભ્યાસો', 'પ્રદેશનું સમાજશાસ્ત્ર' અને 'ગુજરાતનો આદિવાસી સમાજ અને પરિવર્તન' તેમજ ખુલ્લી પેનલ એમ ચાર પેનલમાં કુલ ૮૫ (૪૬ અધ્યાપકોના અને ૩૯ વિદ્યાર્થીઓના) સંશોધનલેખો રજૂ થયા. પ્રથમ ત્રણ પેનલમાં અનુક્રમે ડૉ. એ. એસ. પટેલ, ડૉ. હરીશભાઈ દોશી અને ડૉ. અરવિંદભાઈ ભટ્ટે કી પેપર રજૂ કર્યાં. અધ્યક્ષ તરીકે અનુક્રમે ડૉ. એચ. એલ. ચાવડા, ડૉ. ઇ.જે. મસિહી, તેમજ ડૉ. ગૌરીશભાઈ પંડ્યાએ કાર્ય કર્યું હતું.

પેનલ-૪ (ખુલ્લી પેનલ)ને વિષયના સંદર્ભમાં ત્રણ ભાગમાં વહેંચી હતી. ૪-અમાં સ્ત્રીઓ અંગેના, ૪-બમાં સામાજિક સમસ્યા અંગેના અને ૪-કમાં અન્ય સંશોધનલેખોને

આવરી લીધા હતા. ખુલ્લી પેનલમાં અનુક્રમે ડૉ. કલ્પના શાહ, ડૉ. ઉષાબહેન કાન્હરે અને ડૉ. કાન્તાબહેન સાપોવાડિયાએ અધ્યક્ષ તરીકે કાર્ય કર્યું હતું.

તા. ૨૯-૧-૦૬ના રોજ સવારની એક બેઠક પછી સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાન અધિવેશનના ભાગરૂપે યોજવામાં આવેલ 'પ્રા. અરવિંદભાઈ આર. શાહ સિમ્પોઝિયમ'માં પ્રા. પ્રવીણભાઈ શેઠે 'વિદેશમાં વસતા ભારતીય' (Indian Diaspora) પર અનુભવજન્ય અને અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. આ સભામાં અધ્યક્ષસ્થાને પરિષદના પ્રમુખ હતા અને કાર્યક્રમનું સંચાલન ડૉ. રમણીક ભટ્ટીએ કર્યું હતું. ❑

## ઓડ કૉલેજમાં ત્રિદિવસીય યોગ શિબિર

ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ સંચાલિત ડી. એમ. પટેલ આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઓડ કેમ્પસમાં ૩ દિવસ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. કૉલેજના ફિઝિકલ ડાયરેક્ટર શ્રી ભરતભાઈ પટેલે કૉલેજનાં વિદ્યાર્થી ભાઈ-બહેનોને યોગનું મહત્ત્વ અને શિબિરની અગત્ય સમજાવી, ત્યારે કૉલેજની ૩૨ વિદ્યાર્થિનીઓ આ શિબિરમાં જોડાઈ. કૉલેજના આચાર્ય શ્રી ડૉ. નટુભાઈ પટેલે શિબિરનું અધ્યક્ષપદ શોભાવ્યું હતું. તેઓશ્રીએ જણાવ્યું હતું કે તનની તંદુરસ્તી અને મનની એકાગ્રતા માટે યોગનું ખૂબ જ મહત્ત્વ છે શિક્ષણ સાથે યોગશિક્ષણ પણ જરૂરી છે. લકુલેશ યોગ વિદ્યાલય, કાયાવરોહણના સહયોગથી ગીતાબહેન ગોહેલ તથા પિંકલબહેન પરમારે નિદર્શન સાથે ખૂબ જ ઉપયોગી યોગ અંગેનાં માહિતી-જ્ઞાન પૂરું પાડ્યાં હતાં.

ત્રિદિવસીય આ યોગ શિબિરનું પ્રા. ભરતભાઈ પટેલે ખૂબ જ સફળતાપૂર્વક સંચાલન કર્યું તે ખરેખર ધન્યવાદને પાત્ર છે. ❑

### ઓડ કૉલેજનું ગૌરવ

ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ સંચાલિત ડી. એમ. પટેલ આર્ટસ ઍન્ડ એસ. એસ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડના આચાર્યશ્રી ડૉ. નટુભાઈ પટેલની આણંદ એન. એસ. પટેલ આર્ટસ કૉલેજમાં યોજાયેલ ૩૬મી અર્થશાસ્ત્ર પરિષદમાં ગુજરાત ઇકોનોમિક એસોસિયેશનના એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે સતત ચોથી વાર વરણી થઈ છે. આ ઉપરાંત સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. અમરીષ પટેલની ગાંધીનગર મુકામે યોજાયેલ અધ્યાપક મંડળના અધિવેશનમાં ગુજરાત રાજ્ય અધ્યાપક મંડળના સહમંત્રી તરીકે વરણી થઈ છે. તેમજ કૉલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. શૈલેષભાઈ પટેલની એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજીની હસ્તપ્રત એકત્રીકરણ અને સુરક્ષા સંદર્ભે ગુજરાતના આણંદ જિલ્લાની હસ્તપત્રે એકત્રીકરણ માટે નિયુક્તિ કરવામાં આવેલ છે. આમ રાજ્યકક્ષાએ ઓડ કૉલેજના આચાર્યશ્રી અને અધ્યાપકોને અગ્રસ્થાન મળતાં ઓડ કૉલેજ તથા ઓડ એજ્યુકેશન સોસાયટી પરિવારના સૌ આનંદ ગૌરવની લાગણી અનુભવતાં અભિનંદન પાઠવે છે.

### ઓડ કૉલેજમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ સંચાલિત ડી. એમ. પટેલ આર્ટસ ઍન્ડ એસ. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડ કૅમ્પસમાં ૫૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે કોમ્પ્યૂટર સેન્ટરના દાતા શ્રી મનોજભાઈ ભીખુભાઈ પટેલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે આર્ટસ કૉલેજના દાતા શ્રી મગનભાઈ દેવજીભાઈ પટેલ, ઓડ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખ શ્રી હિતેષભાઈ પટેલ તથા કારોબારી સભ્ય ઉપેન્દ્રભાઈ ઉપસ્થિત રહ્યા હતા. કૉલેજના એન. સી. સી. કેડેટ્સ, એન. એસ. એસ.ના સ્વયંસેવક તથા વિદ્યાર્થી ભાઈ બહેનો તેમજ કૉલેજ પરિવારનાં સૌ ઉત્સાહભેર જોડાયાં હતાં. ❑

### ઓડ કૉલેજનો વાર્ષિકોત્સવ

ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ સંચાલિત ડી. એમ. પટેલ આર્ટસ ઍન્ડ એસ. એસ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડના ૧૩માં વાર્ષિકોત્સવ અંતઃર્ગત ઈડર કૉલેજના સંસ્કૃત વિભાગના વિદ્વાન પ્રાધ્યાપક યોગેન્દ્ર અગ્નિહોત્રીના અધ્યક્ષપદે ઇનામ વિતરણ સમારોહ તથા ડિગ્રી વર્ષના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો. આ પ્રસંગે બી. એડ. કૉલેજના દાતા શ્રી કનુભાઈ કાશીબાઈ પટેલ તથા આર્ટસ કૉલેજના દાતા શ્રી મગનભાઈ દેવજીભાઈ પટેલ તથા ઓડ એજ્યુકેશન સોસાયટીના ઉપપ્રમુખશ્રી હિતેષભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત સાહિત્ય અકાદમી અનુદાન પ્રેરિત પરિસંવાદ



ડાબેથી શ્રી પરમાનંદ પટેલ, શ્રી હર્ષદ ત્રિવેદી, ડૉ. રઘુવીર ચૌધરી, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ અને ડૉ. નટુભાઈ પટેલ.

ડી. એમ. પટેલ આર્ટસ ઍન્ડ એસ. એસ. પટેલ કૉમર્સ કૉલેજ, ઓડ અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે તારીખ ૩ અને ૪ ફેબ્રુઆરીના રોજ જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત 'રાજેન્દ્ર શાહનાં કાવ્યો' પર એક સુંદર પરિસંવાદ યોજાયો.

આ કાર્યક્રમના અધ્યક્ષ સાહિત્યકાર ડૉ. રઘુવીર ચૌધરી તેમજ મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિ. ઍકેડેમિક સ્ટાફ કૉલેજના નિયામક ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ અને અતિથિવિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીનાં સામયિક 'શબ્દસૃષ્ટિ'નાં સંપાદક શ્રી હર્ષદ ત્રિવેદી અને ઓડ એજ્યુકેશન સોસાયટીના મંત્રી શ્રી પરમાનંદભાઈ જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસના આ કાર્યક્રમમાં 'રાજેન્દ્ર શાહનાં કાવ્યો'ના વિવિધ વિષયોના સંદર્ભે ડૉ. પ્રવીણ દરજી, ડૉ. મણિલાલ હ. પટેલ, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, શ્રી હર્ષદ ત્રિવેદી, ડૉ. પુષ્પાબહેન ભટ્ટ અને ડૉ. ભગીરથ બ્રહ્મભટ્ટે પ્રસંશનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ પરિસંવાદમાં ગુજરાત, ઉત્તર ગુજરાત, સરદાર પટેલ અને એમ. એસ. યુનિવર્સિટીના અધ્યાપકોએ પ્રતિનિધિત્વ કર્યું હતું. વિષયનિષ્ણાતો અને અધ્યાપક-પ્રતિનિધિઓ વચ્ચે ચાલેલી પ્રશ્નોત્તરીને કારણે આ પરિસંવાદ સાચા અર્થમાં પરિસંવાદ બન્યો હતો. કૉલેજના સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને પરિસંવાદને સફળ બનાવ્યો હતો.

❑

## Smt. Sadguna C. U. Arts College for Girls, Ahmedabad

• વર્ષ દરમ્યાન કૉલેજે એન. એસ. એસ. રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર વિશિષ્ટ સન્માન/પારિતોષિક મેળવ્યું હોય તેની સંક્ષિપ્ત વિગતો :

• ભારત સરકાર તથા બ્રહ્માકુમારીઝના સંયુક્ત નિમંત્રણના આધારે ૧૫ સ્વયંસેવિકાઓએ માઉન્ટ આબુ ખાતે તા. ૨-૬-૦૫થી તા. ૬-૬-૦૫ દરમ્યાન યોજાયેલ 'રાષ્ટ્રીય યુવા એકતા શિબિર'માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.

• વિશ્વગ્રામ સંસ્થાના નિમંત્રણના આધારે ૫ સ્વયંસેવિકાઓએ મહેસાણા, શંકુ વૉટર પાર્ક ખાતે તા. ૨૫-૫-૦૫ થી તા. ૨-૬-૦૫ દરમ્યાન યોજાએલ રાજ્યકક્ષાની 'કોમી એકતા શિબિર'માં પ્રતિનિધિત્વ કર્યું.

• ભારત સરકાર દ્વારા પસંદગી પામીને કુ. નિધિ રાજ્યગુરુએ દમણ ખાતે યોજાયેલ પશ્ચિમ ભારતના પ્રિ. આર. ડી. પરેડ કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.

• વર્ષ ૨૦૦૩-૨૦૦૪નું ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય એન. એસ. એસ. પારિતોષિક તા. ૨૪-૧-૦૫ના રોજ નવી દિલ્હી ખાતે કુ. કસિદા ગવલીએ પ્રાપ્ત કર્યું.

• તા. ૯-૧૨-૦૫ થી તા. ૧૬-૧૨-૦૫ દરમ્યાન ભારત સરકારના નિમંત્રણથી કુ. કસિદા ગવલીએ મોરેશ્યસ ખાતે યુવા પ્રતિનિધિ મંડળમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.

• ઓરિસા મુકામે યોજાયેલ આંતરરાજ્ય નેત્ર ચિકિત્સા શિબિરમાં ૧૪ સ્વયંસેવિકાઓએ નિમંત્રિત થઈને સેવાઓ આપી.

• તા. ૩૧-૧૨-૦૫ થી તા. ૩૧-૧-૦૬ દરમ્યાન નવી દિલ્હી ખાતે યોજાયેલ પ્રજાસત્તાક દિન પરેડના કૅમ્પમાં કુ. નિધિ રાજ્યગુરુએ પસંદગી પામીને ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું.

• તા. ૧૦-૨-૦૬ થી તા. ૧૭-૨-૦૬ દરમ્યાન બિહારના પાટનગર પટણા ખાતે ભારત સરકાર દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં કૉલેજની બે NSV (નૅશનલ સર્વિસ વોલન્ટિયર) વિદ્યાર્થિનીઓ કુ. કસિદા ગવલી તથા કુ. સુનયના પવાર તથા સ્વયંસેવી વિદ્યાર્થિની કુ. લીના ચાવડાને ભારત સરકાર દ્વારા ઉપરોક્ત રાષ્ટ્રીય શિબિરમાં નિમંત્રિત થઈને ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું.

શૈક્ષણિક વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન શ્રીમતી સદ્‌ગુણા સી. યુ. આર્ટસ કૉલેજ ફૉર ગર્લ્સ અમદાવાદની વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક સાંસ્કૃતિક તથા અન્ય ક્ષેત્રોમાં અત્યંત મહત્ત્વની સિદ્ધિઓ હાંસલ કરી. ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવ ૨૦૦૫માં શહેર વિભાગમાં સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજની ટીમને સ્કીટ તથા એકાંકી નાટ્ય સ્પર્ધામાં પ્રથમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓમાં સ્થાન પ્રાપ્ત થયું. ત્યારબાદ યોજાયેલા અંતિમ યુવક મહોત્સવમાં સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજ દ્વારા રજૂ થયેલ એકાંકી નાટક 'કામરૂ'ને પ્રથમ ત્રણ શ્રેષ્ઠ વિજેતાઓમાં સ્થાન પ્રાપ્ત થયું.

સમગ્ર ગુજરાતની અત્યંત લબ્ધપ્રતિષ્ઠિત એવી I.N.T.ની નાટ્ય સ્પર્ધામાં સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ 'હુતઃશેષ' નામનું એકાંકી પ્રસ્તુત કર્યું. ગર્લ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ I.N.T. નાટ્ય સ્પર્ધાના ઇતિહાસમાં સૌ પ્રથમવાર ભાગ લીધો હોવા છતાં તથા સ્ત્રીપાત્રો દ્વારા પુરુષ પાત્રો અભિનીત થયાં હોવા છતાં રંગભૂષા, વેશભૂષા, મંચસજ્જા, પ્રકાશઆયોજન, ધ્વનિઆયોજન, લેખન તથા દિગ્દર્શન એ તમામ આયામો સર્વ પ્રેક્ષકો દ્વારા અત્યંત પ્રશંસનીય બન્યાં. જે સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજના ઇતિહાસમાં એક ખૂબ મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય. વીણાવેલી નાટ્યસ્પર્ધામાં પણ 'હુતઃશેષ' નાટક અને સર્વશ્રેષ્ઠ દિગ્દર્શક તરીકે શ્રી કમલ જોષીને અભૂતપૂર્વ

પ્રશસ્તિ પ્રાપ્ત થઈ.

સ્પીન્ઝ નૃત્ય સ્પર્ધા કે જેમાં અમદાવાદની મોટાભાગની કૉલેજોએ ભાગ લીધો હતો. તેમાં સદ્‌ગુણા ગર્લ્સ કૉલેજની વિદ્યાર્થિનીઓએ પંચમહાલ નૃત્ય રજૂ કર્યું. આ નૃત્યને પ્રથમ ઇનામ પ્રાપ્ત થયું. અને તે સાથે કૉલેજના ચીયરનિંગ ગ્રુપને પણ ચીયર્સ માટેનું પ્રથમ ઇનામ પ્રાપ્ત થયું.

જે. જી. કૉલેજ ઑફ પરફોર્મિંગ આર્ટસ દ્વારા આયોજિત નૃત્ય સ્પર્ધામાં રજૂ થયેલ વેસ્ટર્ન ડાન્સને પણ તૃતીય સ્થાન પ્રાપ્ત થયું.

## અભિનંદન



ડૉ. જગદીશ એસ. જોષીના શૈક્ષણિક પ્રદાન તેમજ તેમના સઘન પ્રયત્નો કે જેના દ્વારા લગભગ ૧૨,૦૦૦ જેટલા અનુસૂચિત જાતિ તેમજ જનજાતિના શિક્ષણવંચિતોને શિક્ષણ પ્રાપ્ત થયું તેને ધ્યાનમાં લઈ United Nations Organization, International Association of Educators for World Peace (USA), Commonwelth Association for the Educations & Training of Adults (U.K.) અને The Globle Open University (Millan)ના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના રાજ્યપાલ મહામહિમશ્રી નવલકિશોર શર્માના વરદ હસ્તે International Felicitation અને National Award for Education 2006 એનાયત કરવામાં આવ્યો. તેઓ ગુજરાત યુનિવર્સિટીની ઍકેડેમિક સ્ટાફ કૉલેજમાં રીડર - ડે. ડાયરેક્ટર તરીકે ફરજો બજાવે છે.

❑

સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. લીનાબહેન બાદશાહે 'ગુજરાતમાં મહિલા સાહસિકો - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ' શિર્ષક ઉપર Ph.D.ની ડીગ્રી મેળવી છે. આ થીસીસ તેમણે ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિષયના રીટાયર્ડ રીડકર ઉષાબહેન કાન્હેરેના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો છે.

❑

ગુજરાત યુનિ.માં સમાજવિદ્યાભવનમાં ઇતિહાસના રીડર તરીકે ફરજ બજાવતા ડૉ. અરુણ વાઘેલાને વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે હરિઓમ આશ્રમ પ્રેરિત ભાઈકાકા ઈન્ટર યુનિ. સ્મારક ટ્રસ્ટ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું હતું. ઇતિહાસ અને પુરાતત્ત્વશાસ્ત્ર વિષય માટે અપાતા આ પ્રાઈઝમાં તેમનો સંશોધનપત્રનું શીર્ષક 'ગુજરાતના ઇતિહાસલેખનમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનું પ્રદાન' હતું. ❑

## શ્રદ્ધાંજલિ

### પ્રિ. શ્રી મનુભાઈ જે. પાઠક, બાલાસિનોર

કલ્પનામાં ન આવે તે રીતે આપણી વચ્ચેથી ચિર-વિદાય લેનારા પ્રિ. શ્રી મનુભાઈ જે. પાઠક (પ્રિન્સિપાલ, બાલાસિનોર કૉલેજ) મૂળતઃ તો એચ. કે. આર્ટસ કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી હતા. સંસ્કૃત ભાષાના અભ્યાસમાં આકર્ષણ ઊભું કરવાની અદ્‌ભુત કલાશક્તિ ધરાવતા સ્વ. પ્રા. શ્રી પી. સી. દવેસાહેબે તેમને સંસ્કૃત ભણાવ્યું. તેમને તેઓ ગુરુ માનતા. સંસ્કૃત વિષય સાથે બી. એ. પ્રથમ વર્ગમાં પાસ કર્યું, એટલે સામે ચાલીને તેમને એલ.આઈ.સી.માં નોકરી કરવા માટેનો નિયુક્તિપત્ર મળ્યો. આ નિયુક્તિપત્ર લઈ તેઓ પૂજ્યભાવે પ્રા. દવેસાહેબની અનુજ્ઞા લેવા ગયા. દવેસાહેબે તેમને એમ.એ. કરવાની સલાહ આપી; એટલે મળેલી નોકરી જતી કરીને પાઠકસાહેબ એમ.એ. કરવા પ્રવૃત્ત થયા. વેદાન્તશાસ્ત્ર લઈ તેમણે એમ.એ. (સંસ્કૃત)ની પરીક્ષા આપી. ધારણા પ્રમાણે તેઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

એ પછી તો આ પ્રતિભાશાળી છાત્રને સંસ્કૃતના અધ્યાપનનો તરત જ અવસર મળ્યો. એ દિનથી પ્રારંભ થયેલું સંસ્કૃતના અધ્યયનનું કાર્ય જીવન પર્યન્ત તેમણે કર્યું છે.

છેલ્લાં છ વર્ષથી તેઓ બાલાસિનોર (જિ. ખેડા)ની સુપ્રસિદ્ધ સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટસ કૉલેજ અને એલ. કે. એલ. દોશી કૉમર્સ કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપતા હતા.

કૉલેજમાં જ પોતાનું નિવાસ-સ્થાન રાખીને તેમણે એક ઉત્તમ વિદ્યાકેન્દ્ર તરીકેનો કૉલેજ- કૅમ્પસનો વિકાસ સાધ્યો છે. સ્નાતક કક્ષાએ ભણાવાતા પ્રાયઃ દરેક વિષયમાં અનુસ્નાતક શિક્ષણની વ્યવસ્થા કરી તેમણે ગ્રામ્ય-વિસ્તારના અનેકાનેક વિદ્યાર્થીઓની મનોકામના પૂર્ણ કરી છે. શિસ્ત અને શિક્ષણ બન્નેમાં આ કૉલેજ ગ્રામ્ય-વિસ્તારની તમામ કૉલેજોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ પ્રતાપ પણ પ્રિ. પાઠકસાહેબનો.

સ્નાતક-અનુસ્નાતક શિક્ષણ અને સંસ્કૃતની સેવા માટે કરેલા પ્રિ. પાઠકસાહેબના મહાન ઉદ્યોગને આપણે હંમેશાં યાદ કરતા રહીશું.

❑

## લવાજમ

'વિદ્યાવૃત્ત'નું વાર્ષિક લવાજમ ૬૦ રૂપિયા છે. લવાજમ 'રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી'ના નામથી ડી.ડી.થી અથવા યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડેથી ભરી શકાશે. ચેક/એમ.ઓ. સ્વીકારાશે નહીં. કૉલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને લવાજમ ભરી ગ્રાહક થવા અનુરોધ છે.

## 'વિદ્યા'

ગુ. યુનિ.ના સંશોધન સામયિક 'વિદ્યા'ના અંકો પ્રતિવર્ષ ૧૫ માર્ચ અને ૧૫ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. તેનું વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા છે. તે પણ ડી.ડી.થી કે રોકડેથી ભરી શકાશે. છૂટક નકલ યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોર્સમાંથી ૫૦ રૂપિયામાં મળી શકશે.

'વિદ્યા' અને 'વિદ્યાવૃત્ત'નું સંપાદકીય પત્રવ્યવહારનું સરનામું નીચે મુજબ છે :

**મુખ્ય સંપાદક ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**

ઍકેડેમિક સ્ટાફ કૉલેજ, સમાજવિદ્યા ભવન બિલ્ડિંગ,
ગુજરાત યુનિ. કેમ્પસ,
અમદાવાદ ૩૮૦ ૦૦૯.
ફોન : (કાર્યાલય) ૨૬૩૦૨૯૬૨, ૨૬૩૦૫૦૧૦ (ફેક્સ)

---

Book-post
Printed Matters

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

______________________

પ્રેષક :
**ડૉ. અરવિંદ ભાંડારી**
*કુલસચિવશ્રી,*
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રક : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧. ફોન : ૨૫૬૨૦૫૭૮